RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 134 Date: 05.03.2024 Tuesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# મંત્રીઓ વિવાદાસ્પદ નિવેદનો દૂર રહે, ડીપફેકથી ચેતવું જરૂરી : પીએમ



નવી દિલ્હીઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષપદે એનડીએ સરકારના મંત્રીમંડળની છેલ્લી બેઠક રવિવારે યોજાઈ હતી. આ બેઠકમાં પીએમ મોદીએ સરકારની ૧૦ વર્ષની સફળતાઓ અને ભવિષ્યની પ્રાથમિક્તાઓ પર ચર્ચા કરી હતી. પીએમ મોદીએ મંત્રીઓને આજની બેઠકમાં જ મે ૨૦૨૪માં નવી સરકારની રચના પછી ત્વરિત કામકાજ શરૂ કરવા માટે ૧૦૦ દિવસના એજન્ડા પર કામ કરવા નિર્દેશો આપ્યા હતા. બીજીબાજુ પીએમ મોદીએ રવિવારે લોકસભા ચૂંટણી પહેલાં ભાજપને 'પાર્ટી ફંડ' સ્વરૂપે રૂ. ૨,૦૦૦નું દાન આપી દેશવાસીઓને નમો એપના માધ્યમથી 'વિકસિત ભારત' માટે ભાજપને દાન આપવા વિનંતી કરી હતી.દેશના ઈતિહાસમાં સંભવતઃ પહેલી વખત જ લોકસભા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થાય તે પહેલાં જ કોઈ સરકારે વર્તમાન સરકારના મંત્રીમંડળની અંતિમ બેઠકમાં આગામી સરકારના એજન્ડા પર વિસ્તારથી ચર્ચા કરી હતી. આ બેઠકમાં પીએમ મોદીએ મંત્રીઓને ચેતવણી આપતા કહ્યું હતું કે જે પણ નિવેદનો કરો તેમાં ધ્યાન રાખો, સમજી વિચારીને બોલો. આજકાલ ડીપફેકનું ચલણ છે, જેમાં અવાજ બદલવાનો પ્રયત્ન થાય છે. તેનાથી સાવધ રહો. જે પણ બોલવું હોય તે યોજનાઓ પર બોલો, વિવાદાસ્પદ નિવેદનોથી બચોપીએમ મોદીના અધ્યક્ષપદે યોજાયેલી આ મેરેથોન બેઠક આઠ કલાક ચાલી હતી, જેમાં માત્ર વર્ષ ૨૦૪૭ સુધી ભારતને વિકસિત દેશ બનાવવાના વિઝન પર ચર્ચા કરાઈ નહોતી, પરંતુ મે ૨૦૨૪માં નવી સરકારની રચના થયા પછીના કાર્યકાળના પહેલા ૧૦૦ દિવસમાં કરવાના કામના એજન્ડા પર પણ ગંભીર ચર્ચા થઈ હતી. આગામી સપ્તાહે લોકસભા ચૂંટણીની જાહેરાત થવાની સંભાવના છે. એપ્રીલથી મે ૨૦૨૪ સુધીમાં સાતથી આઠ તબક્કામાં ચૂંટણી થઈ શકે છે તેમ સૂત્રોનું કહેવું છે. આવા સમયે વર્તમાન મોદી સરકારે મંત્રીમંડળની અંતિમ બેઠક બોલાવી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે, વિકસિત ભારતના રોડમેપ માટે બે વર્ષથી તૈયારી ચાલી રહી હતી. આ સમયમાં બધા મંત્રાલયોની આગેવાનીમાં રાજ્ય સરકારો, શિક્ષણવિદો, ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ, વિજ્ઞાાનીકો, સિવિલ સોસાયટીના લોકો સાથે ચર્ચા બાદ વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કરાયો છે. તેના માટે ૨૭૦૦થી વધુ બેઠકો, વર્કશોપ અને સેમિનાર યોજવામાં આવ્યા હતા. સરકારે ૨૦ લાખથી વધુ યુવાનોના સૂચનો મેળવ્યા હતા.બીજીબાજુ વડાપ્રધાન મોદીએ રવિવારે લોકસભા ચૂંટણી પહેલાં ભાજપને પાર્ટી ફંડ સ્વરૂપે રૂ. ૨,૦૦૦નું દાન કર્યું અને બધા જ નાગરિકોને આગ્રહ કર્યો કે તેઓ નમો એપના માધ્યમથી ભાજપના 'ડોનેશન ફોર નેશન બિલ્ડિંગ' અભિયાનનો ભાગ બને. તેમણે ઉમેર્યું કે, રાજકીય પક્ષોને અપાતું દાન ઈન્કમ ટેક્સ એક્ટ, ૧૯૬૧ હેઠળ કંપનીઓ માટે કલમ ૮૦ જીજીબી અને અન્યો માટે કલમ ૮૦ જીજીસી હેઠળ કરવેરા મુક્ત છે.

## ભાજપને પડકારવા કોંગ્રેસે બનાવ્યો માસ્ટર પ્લાન, 'જર્મની મોડેલ' પર તૈયાર કરશે ચૂંટણીનો ઢંઢેરો

નવી દિલ્હી, તા. ૦૪

ભારત જોડો ન્યાય યાત્રા દરમિયાન રાહુલ ગાંધી સતત બેરોજગારી અને પેપર લીકને લઈને મોદી સરકાર પર નિશાન સાધી રહ્યા છે. રવિવારે ગ્વાલિયરમાં પણ રાહુલ ગાંધીએ કહ્યુ કે ભારતમાં યુવાનોનો બેરોજગારી દર પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ભૂટાનથી પણ વધુ છે. રિપોર્ટ અનુસાર આગામી લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીને જ ભાજપ સામે મોટો મુદ્દો બનાવવાની છે. કોંગ્રેસ પોતાના ચૂંટણી ઢંઢેરામાં અમુક એવા વાયદા કરવાની છે જે અત્યાર સુધી કરવામાં આવ્યા નથી. કોંગ્રેસ પાર્ટી જર્મનીના મોડલને પોતાના ચૂંટણી ઢંઢેરામાં રજૂ કરી શકે છે.રાહુલ ગાંધી ઘણી વખત મોદી સરકાર પર આરોપ લગાવે છે કે તેઓ યુવાનોના ભવિષ્ય સાથે રમત રમી રહ્યા



છે. આ સિવાય પેપર લીકનો મુદ્દો પણ ઉઠાવતા રહે છે. હવે કોંગ્રેસ જર્મનીના ડ્યુઅલ એજ્યુકેશન મોડલને લઈને વિચાર કરી રહી છે. જોકે આને ભારતીય પરિસ્થિતિમાં ઢાળીને જ રજૂ કરવામાં આવશે. આ મોડલ હેઠળ વોકેશનલ એજ્યુકેશન અને ટ્રેનિંગ સિસ્ટમને શિક્ષણની સાથે રાખવામાં આવે છે. આ મોડલ વોકેશનલ સ્કુલમાં અભ્યાસ દરમિયાન જ કંપનીમાં કામ કરવાની તક આપે છે. તેનાથી યુવાનોને શિક્ષણ બાદ રોજગાર મળવાનું સરળ થઈ જાય છે. કોંગ્રેસ નેતાઓનું માનવુ છે કે દેશના યુવાનોને જોબ માર્કેટમાં જવાની એક આકર્ષક ઓફર આપવાની જરૂર છે. જોકે આ કાર્ય સરળ નથી. આવુ કરવા માટે પ્રાઈવેટ અને સરકારી બંને સેક્ટરને એજ્યુકેશન મોડલનો ભાગ બનવુ પડશે.

## સુપ્રીમકોર્ટનો ઐતિહાસિક ચુકાદો, 'વોટના બદલે નોટ' મામલે સાંસદો-સ્વચ્છને કાનૂની સંરક્ષણનો ઈનકાર

. સુપ્રીમકોર્ટની સાત જજોની બેન્ચે આજે એક મહત્ત્વપૂર્ણ કેસમાં ઐતિહાસિક ચુકાદો સંભળાવ્યો. ૧૯૯૮ના પોતાના જ આદેશને પલટી નાખતાં સુપ્રીમકોર્ટે વોટના બદલે નોટ મામલે ફસાયેલા સાંસદોને કાનૂની સંરક્ષણ આપવાનો ઈનકાર કરી દીધો છે. સુપ્રીમકોર્ટે કહ્યું કે વિશેષાધિકાર હેઠળ હવે સાંસદો કે ધારાસભ્યોને છૂટ નહી મળે. વોટ માટે નોટ લેનારાઓ સામે પણ કાર્યવાહી કરવાનો સુપ્રીમકોર્ટે આદેશ આપ્યો હતો. સુપ્રીમકોર્ટે કહ્યું હતું કે વોટ માટે લાંચ લેવી એ કાયદાનો ભાગ નથી.

સુપ્રીમકોર્ટે વોટના બદલે નોટ મામલે એક મોટો ચુકાદો સંભળાવ્યો છે. જો સાંસદો હવે પૈસા લઈને ગૃહમાં ભાષણ કે વોટ આપશે તો તેમની સામે કેસ ચલાવાશે. એટલે કે હવે તેમને આવા કેસમાં કોઈ કાનૂની રાહત કે છૂટ નહી મળે.સુપ્રીમકોર્ટની સાત જજોની બંધારણીય બેન્ચે ઐતિહાસિક ચુકાદો આપતાં અગાઉનો પાંચ જજોની બેન્ચનો ચુકાદો પલટી નાખ્યો હતો. ખરેખર સુપ્રીમકોર્ટે ૧૯૯૮માં નરસિમ્હારાવના ચુકાદાને પલટી નાખ્યો હતો. ૧૯૯૮માં ૫ જજોની બંધારણીય બેન્ચે ૩:૨ના બહુમતથી નક્કી કર્યું હતું કે આ મુદ્દાને લઈને લોકપ્રતિનિધિઓ સામે કેસ નહીં ચલાવી શકાય પણ સુપ્રીમકોર્ટે આ ચુકાદાને



પલટી નાખ્યો છે જેના કારણે સાંસદો કે ધારાસભ્યો ગૃહમાં વોટ માટે લાંચ લઈને કેસની કાર્યવાહીથી બચી નહીં શકે.

## ભારતીય મૂળના ઉમેદવારે ટ્રમ્પને બમણાં વોટથી હરાવી રિપબ્લિકનની પ્રાયમરી ચૂંટણી જીતી રચ્યો ઈતિહાસ

અમેરિકામાં ચાલુ વર્ષે નવેમ્બરમાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણી યોજાવાની છે. જોકે તેના પહેલા દેશના બંને પ્રમુખ પક્ષો રિપબ્લિકન અને ડેમોક્રેટિક વચ્ચે રાષ્ટ્રપતિ પદ માટે સત્તાવાર ઉમેદવાર પસંદ કરવાની પ્રક્રિયા ખૂબ જ ચર્ચામાં છે. અહેવાલ અનુસાર ભારતીય મૂળના નિક્કી હેલી ( દ્રૈાૈ ૐફ્રજ્ઞીઅ) એ ડિસ્ટ્રિક્ટ ઓફ કોલંબિયામાં આયોજિત રિપબ્લિકન પ્રાઈમરી ચૂંટણીમાં પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને પરાજિત કરી દીધા છે. રિપબ્લિકન પાર્ટી તરફથી રાષ્ટ્રપતિ પદની ઉમેદવારીમાં હવે ફક્ત નિક્કી અને ડોનાલ્ડ ટ્રમ્પ જ બાકી રહી ગયા છે. એવામાં ટ્રમ્પને હરાવી દેવા એ નિક્કી માટે મોટો વિજય મનાઈ રહ્યો છે. આ દરમિયાન નિક્કીને ૬૨.૯ ટકા જોકે ટ્રમ્પને તેમનાથી લગભગ અડધાં ૩૩.૨ ટકા વોટ જ મળ્યાં હતાં. નિક્કીએ અમેરિકી ઈતિહાસમાં રિપબ્લિકન પ્રાઈમરી જીતીને પ્રથમ મહિલા બની રેકોર્ડ સર્જી દીધો છે.

## અર્જુન મોઢવાડીયાએ આપ્યું કોંગ્રેસમાંથી રાજીનામું



વિધાનસભાઅધ્યક્ષ શંકરભાઈ ચૌધરીને તાબડતોબ થરાદથી ગાંધીનગર આવી ગયા.કોંગ્રેસના દિગજજ નેતા અર્જુન મોઢવાડિયા ધારાસભ્યપદેથી રાજીનામુ ૫-૨૦ કલાકે મોઢવાડિયાએ અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીને કોંગ્રેસના ધારાસભ્યપદેથી ત્યાગપત્ર સોંપ્યુ ?? ગુજરાત વિધાનસભામા હવે કોંગ્રેસના ધારાસભ્યોનુ બળ માત્ર ૧૪નુ રહ્યુ છે.ચાર આપના ધારાસભ્ય છે.એક સમાજવાદી પાર્ટીના કાંધલ છે. બાકી બે અપક્ષો રહ્યા છે. ૧૮૨માંથી હાલ ૧૭૭ ધારાસભ્ય રહ્યા છે

## મહેસાણા જિલ્લા પંચાયતના બજેટમાં રૂ.૧૭૫૪.૭૪ કરોડના ખર્ચની જોગવાઈ

મહેસાણા,તા.૪

મહેસાણા જિલ્લા પંચાયતની બજેટ સભામાં રૂ.૧૭૫૪.૭૪ કરોડના ખર્ચની જોગવાઈ કરતું અંદાજપત્ર સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સદસ્યોને તેમના મત વિસ્તારમાં લોક ઉપયોગી વિકાસના કામ માટે કુલ રૂ.૮૮૮.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. આ અંદાજપત્રમાં વિકાસ, પંચાયત, શિક્ષણ, આરોગ્ય, આયુર્વેદ, ખેતીવાડી, પશુપાલન, સમાજ કલ્યાણ અને પોષણ ક્ષેત્રોની યોજનાઓ માટે રૂ.૨૧.૪૮ કરોડની જોગવાઈઓ કરવામાં આવી છે. જિલ્લા પંચાયતમાં ફરજ બજાવતા કોઈ કર્મચારીનું આકસ્મિક મૃત્યુ થાય તો વારસદારોને રૂ.૧.૦૦ લાખ સહાય ચુકવવાની તેમજ જિલ્લા પંચાયત વિસ્તારના કોઈ સૈનિક શહીદ થાય તો પરિવારને રૂ. ૧.૦૦ લાખ સહાય તરીકે ચૂકવાશે. આ ઉપરાંત જિલ્લા પંચાયતના બજેટમાં શાળાઓમાં સુરક્ષા હેતુ સીસીટીવી કેમેરા, સ્માર્ટ કલાસ બનાવવા, અદ્યતન કોમ્પ્યુટર લેબ માટે રૂ.૧૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. જરૂરિયાતમંદ પ્રાથમિક શાળાનાં બાળકોને ગણવેશ સહાય યોજના હેઠળ ૧૦,૦૦૦ છાત્રોને રૂ.૩.૦૦ લેખે ગણવેશ સહાય અપાશે. કોઈ શાળામાં જે તે વિષયના શિક્ષક ન હોય તેવી શાળામાં પ્રવાસી શિક્ષક પુરા પાડવા રૂ. ૨૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત, શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ, જુવેનાઈલ ડાયાબિટીસ વાહક જન્ય રોગ સહિતની આરોગ્યલક્ષી યોજનાઓ માટે પણ બજેટમાં જોગવાઈઓ કરવામાં આવી છે. વધુમાં ખેતીવાડી ઉત્પાદનના વેચાણ અર્થે તાલુકા લેવલે અને જિલ્લાકક્ષાએ સ્ટોલ બનાવાશે

## શ્રી જલારામ પ્રાર્થના મંદિર-મોરબી દ્વારા શ્રી રામ જન્મભૂમિ-અયોધ્યાનાં ૯૭ કારસેવકોનું ભવ્ય સન્માન

મોરબીઃ વિવિધ પ્રકારની માનવસેવા પ્રદાન કરતા મોરબીનાં શ્રી જલારામ પ્રાર્થના મંદિર દ્વારા પ્રભુ શ્રી રામની જન્મભૂમિ અયોધ્યા મુકામે વર્ષ ૧૯૯૦ તથા ૧૯૯૨ કારસેવા કરનાર મોરબી કારસેવકો નાં સન્માન ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું,જેમાં૯૭ કારસેવકોનું શ્રી જલારામ પ્રાર્થના મંદિર દ્વારા ભવ્યતિભવ્ય બહુમાન કરવા માં આવ્યુ હતુ, તે ઉપરાંત મોરબી-માળીયા ના લોકલાડીલા ધારાસભ્ય શ્રી કાંતિભાઈ અમૃતિયા દ્વારા દરેક કારસેવકોને શ્રી રામ મંદિર-અયોધ્યા ની પ્રતિકૃતિ વાળી ઘડીયાળ અર્પણ કરવા માં આવી હતી.આ તકે મોરબી રામધન આશ્રમનાં મહંત પ.પૂ. ભાવેશ્વરી માતાજી, ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા,



ગીરીશભાઈ ઘેલાણી, પ્રવિણભાઈ બારેજીયા, સી.ડી.રામાવત, નવીનભાઈ માણેક, અનોપસિંહ જાડેજા, પ્રદીપભાઈ વાળા, હસુભાઈ પુજારા, ગોપાલભાઈ સરડવા, જે.પી.જેસ્વાણી, ડો.વનરાજસિંહ, નીતીનભાઈ પોપટ, દીપકભાઈ પોપટ, ઘનશ્યામભાઈ પુજારા, હરીશભાઈ રાજા,જયેશભાઈ ટોળીયા, જયેશભાઈ કંસારા, કે.ડી.પડસુંબિયા, મુકેશભાઈ ગામી, નૈમિષભાઈ પંડિત, તેજશભાઈ બારા, કમલેશભાઈ બોરીચા સહીતનાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**તંત્રી લેખ......**

# સફળ સોનેટની હારમાળા

'સમય તો થયો' એ સંધ્યા ભટ્ટનું પુસ્તક છે. તે સોનેટ સંગ્રહ છે. બંધુ ત્રિપુટી ઉશ્નસ, જયંત પાઠક અને રમણ પાઠક વાચસ્પતિને પુસ્તક અર્પણ કરાયું છે. ભાવનગરના વિનોદ જોષીએ 'સોનેટના સીમાડે પહોંચેલી સર્જકતા' અંતર્ગત ચાર કરતાં વધારે પાન ઉપર વિશદ ચર્ચા કરી છે. કાવ્ય સર્જકે ભાષામાં ઘણું બધું કરવાનું હોય છે. અહીં રજૂ થયેલ કૃતિઓ સોનેટ અને સંસ્કૃત વૃત્તો આવું ભાગ્યે જ જોવા મળે છે. પ્રગટ થયેલા સોનેટનું ખૂબ ઊંડાણપૂર્વક અધ્યયન રજૂ કર્યું છે. મોટાભાગના સોનેટના ઉદાહરણો રજૂ કર્યા છે. સંધ્યા ભટ્ટના આ સોનેટ સંગ્રહને એક નોંધપાત્ર ઉન્મેષ લેખે ઘટાવી શકાય. 'મારી સોનેટ યાત્રા' શીર્ષક અંતર્ગત કવયિત્રી સંધ્યા ભટ્ટે સરસ વાતો કરી છે. તેઓ લખે છે કે મને માતૃભાષા ખૂબ ગમતી અને વળી ઘરમાં કર્મકાંડનું વાતાવરણ. બારડોલીમાં રહેતા રમણ પાઠક પાસે શીખવાનું શરૂ કર્યું. પછી વિવિધ સામયિકોમાં તેમનાં સોનેટ પ્રકાશિત થવા માંડ્યાં. અંતમાં આભાર માન્યો છે.

પછીના ચોપ્પન પૃષ્ઠ ઉપર તેમના વિવિધ સોનેટ રજૂ થયાં છે. જે-તે કયા સામયિકમાં ક્યારે પ્રગટ થયા છે, તેની વિગત આપી છે. તથા પ્રત્યેક સોનેટ કયા છંદમાં લખાયા છે તેની માહિતી પણ મૂકવામાં આવી છે.

'પ્રાર્થના'માં મા સરસ્વતી પાસે વરદાન માગ્યું છે. 'યાત્રા'માં ઝંઝાવાતો સામે અડીખમ ઊભા રહેવાની વાત છે. 'માતૃભાષા : મારું સુખ'માં ભાષાનો મહિમા છે. 'હુકમ દઈને'માં સૃષ્ટિદાતાનું સ્મરણ કર્યું છે. 'બાપુને સ્મરીને'માં ગાંધીજીનું સ્મરણ કર્યું છે.

# ફ્લેમ ઓફ ફોરેસ્ટ – સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે તા.૧૦મી માર્ચથી શરૂ થશે કેશુડા ટ્રેઈલ

●પ્રવાસનો સમય - સવારે ૦૭:૦૦ થી ૧૦:૦૦ અને સાંજે ૦૪:૦૦ થી ૦૭:૦૦

(મુલાકાતીઓ તેમની અનુકૂળતા મુજબ સ્લોટ બુક કરાવી શકે છે.)

●ટિકિટ્.જૈષ્ઠીંજૈ.હ પરથી ઓનલાઈન બુક કરી શકાય છે.

★ વનકર્મીઓ અને ભોમિયા ( ગાઈડ) સાથે ડુંગરા ભમવા પધારવા અપીલ.

------

રાજપીપલા, સોમવાર :- ભારતવર્ષના સ્વપ્રદ્રષ્ટા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની પરીકલ્પના સ્ટેચ્યુ ઓફ યુનિટી આજે વિશ્વકક્ષાનું પ્રવાસનધામ બન્યુ છે અત્યારસુધી દેશ-વિદેશના ૧.૭૫ કરોડ કરતા વધુ પ્રવાસીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈ ચુકયા છે.એકતાનગર વિસ્તાર કેસુડાના લગભગ ૬૫,૦૦૦ કરતા વધુ વૃક્ષથી સમૃધ્ધ છે અને વસંતઋતુના આગમન સાથે કેસુડાના ફૂલોની ચાદર છવાઈ જતા સમગ્ર વિસ્તારનું વાતાવરણ સોળે કળાએ ખીલી ઊઠે છે,માટે જ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીની પ્રેરણા અને માર્ગદર્શનમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે કેસુડા ટ્રેઈલની શરૂઆત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

કેસુડા! ભાગ્યે જ કોઈ હશે જે આ નામથી અજાણ હશે. સંસ્કૃતમાં કિંશુક તરીકે ઓળખાતું આ વૃક્ષ ખાખરો અને પલાશ જેવા નામોથી પણ પ્રચલિત છે. કેશુડો એ સમગ્ર ભારતવર્ષના વનવગડાનું અતિ સામાન્ય પણ તેમ છતા અતિ વિશિષ્ટ અંગ છે. ગરમીની શરૂઆત અને વસંતઋતુના આગમન થતા ની સાથે જ જ્યાં ચારે બાજુ પાનખર ઋતુની વચ્ચે જ્યાં સુકાયેલા વૃક્ષો વચ્ચે કેશુડાના વૃક્ષો પર પુષ્પો ખીલે છે.કેશરી કલર ના ફૂલો આપણા મન ને શાંતિ આપે છે. સાથે આ સમય દરમ્યાન વન વિસ્તારનું વાતવરણ સોળેકળાએ ખીલી ઉઠે છે. તેથી જ તો કેશુડાના સૌંદર્યનું મોહક વર્ણન સાહિત્યો અને કાવ્યોમાં ખુબ જ કરવામાં આવ્યુ છે.

"ખીલ્યો પલાશ પુર બહારમાં રે લોલ,
સઘળી ખીલી છે વનવેલ;
ટહુકે શી આમ્રકુંજ કોકિલા રે લોલ,
ટહુકે મયુર અને ઢેલ !
બંધુ બેનીઓ ! ચાલો વસંતઋતુ માણવા."
--- સ્વ. નરહરિ ભટ્ટ

કેશુડા ટ્રેઈલ માટે અલગ-અલગ ત્રણ રૂટ તૈયાર કરવામાં આવેલ છે. અને પ્રવાસીઓ કુદરતની વચ્ચે જઈને કેશુડાની સાથે સાથે વિંધ્યાચલ પર્વતમાળામાં રહેલ અમુલ્ય વન્ય વારસાને માણી શકશે. પ્રવાસીઓને બસમાં શ્રેષ્ઠ ભારત ભવનથી વિંધ્યાચલમાં ફેલાયેલા ભવ્ય અને પ્રાચીન જંગલમાં લઈ જવામાં આવશે, જે પલાશનાં ગાઢ જંગલો ધરાવે છે. તેઓ પરાગરજની ચમત્કારિક દુનિયા અને કેસુડાના ફૂલો સાથેના તેમના જોડાણને જોતા-જોતા ખીણો અને કોતરો સાથે લગભગ ૩-૪ કિમી સુધી ટ્રેક કરશે.

સમય સ્લોટ્સ અને ટિકિટિંગ વિગતો:

ટૂર પીકઅપ પોઈન્ટ: શ્રેષ્ઠ ભારત ભવન (જીમ્મ) અને
ટૂર સમાપ્ત પોઈન્ટ: શ્રેષ્ઠ ભારત ભવન (જીમ્મ)
પ્રવાસનો સમય - સવારે ૦૭:૦૦ થી ૧૦:૦૦ અને સાંજે ૦૪:૦૦ થી ૦૭:૦૦
(મુલાકાતીઓ તેમની અનુકૂળતા મુજબ સ્લોટ બુક કરાવી શકે છે.)
ટિકિટ્.જૈષ્ઠીંજૈ.હ પરથી ઓનલાઈન બુક કરી શકાય છે.

★મહત્વ અને ઉપયોગ:★

૧) સાંસ્કૃતિક મહત્વ - આ વૃક્ષના પાંદડાંમાંથી પતરાળાં અને વાટકી બનાવવામાં આવે છે. રંગોનો તહેવાર ''ધૂળેટી'' માં તેના ફૂલોનાં રંગ વાપરવાની વર્ષો જુની પરંપરા છે. તેનાં ફૂલોને પાણીમાં નાખીને તેનાથી ધૂળેટી પણ રમવામાં આવે છે. તેનાં ફૂલના રંગ વડે ''ગુલાલ'' પણ બનાવવામાં આવે છે. ભારતમાં, આ વૃક્ષ વસંત ઋતુ સાથે સંકળાયેલું છે. દક્ષિણ ભારતમાં આ વૃક્ષને પવિત્ર માનવામાં આવે છે.

૨) ઔષધીય ગુણો - આ એક મહત્વનું ઔષધિય વૃક્ષ છે અને તેના જુદા જુદા ભાગોનો ઉપયોગ પરંપરાગત દવા પદ્ધતિ જેમ કે આયુર્વેદ, સિદ્ધ અને યુનાનીમાં વિવિધ રોગોની સારવાર માટે થાય છે.કેસૂડાના ફૂલથી બાળકને સ્નાન કરાવવામાં આવે છે. નવજાત બાળક માટે શ્રેષ્ઠ ઔષધ છે. કેસૂડાના પાનને પાણીમાં ઉકાળીને તે પાણીથી બાળકને સ્નાન કરાવવાથી ઓરી,અછબડા,લૂ અને ગરમીના રોગથી રક્ષણ મળે છે.

આકરા ઉનાળાના પ્રારંભે કેસુડાના ફૂલ રમ્ય અને સહ્ય બનાવે છે.સફેદ કેસુડા પણ થાય છે જે ખૂબ જૂજ જોવા મળે છે.કેસુડાના ફૂલ પાણીમાં નાંખીને સ્નાન કરવા થી ઠંડક મળે છે અને ચામડી માટે પણ તે ઔષધ રૂપ બને છે.મધ્ય ગુજરાતના નર્મદા,છોટાઉદેપુર, પંચમહાલ,દાહોદ ના જંગલોમાં તેની બહુતાયત છે.

મોંઘા કેસરથી કરવામાં આવતા સ્નાનની અહલાદકતાની અનુભૂતિ કેસુડાના પાણી સાવ સસ્તામાં કરાવે છે.આદિવાસી સમુદાય હવે હોળીના તહેવારોના ટાણે શહેરી સડકો પર કેસુડાના ફૂલો વેચીને આછીપાતળી પૂરક આવક મેળવે છે.

આ સફરમાં આપની સાથે હશે નિષ્ણાંત વનકર્મીઓ અને તાલીમબદ્ધ ભોમિયા( ગાઈડ ) તેઓ આપને કુદરતની રચના અને સમૃદ્ધ વનનો પરિચય કરાવશે.

## પિયુનાં નામની ચૂંદડી

આંખોમાં કંઈ કેટલાય અરમાનો,
સજી સોળે શણગાર, આવી એ નાજુક કન્યા જ્યારે!

લગ્નના તાંતણે બંધાવા લગ્નની ચોરીમાં!!!
લાગતી એ સોહામણી ખૂબ એણે પહેરેલ પાનેતરમાં!!!

પહેરાયું મંગળસૂત્ર, પૂર્યું સિંદૂર જ્યારે એની પેથીમાં,
શણગાર એનો ખીલી ઉઠ્યો છવાઈ જ્યાં શરમની લાલિમા!

જોતી રહી ગઈ સૌ આંખો હાજર જે હતી ત્યાં,
ખૂટી પડ્યાં શબ્દો પણ વખાણવા સૌંદર્ય એનું!!!

વધારો થયો આ સૌંદર્યમાં ત્યારે,
ઓઢી એણે ચૂંદડી એનાં પિયુનાં નામની જ્યારે!!!

સ્નેહલ જાની (સુરત)

..................................

## "પ્રેમનો વરસાદ..."

કૃષ્ણની ગઝલ સાંભળીને ભીંજાય છે રાધા,
રાધાની પાંપણે સ્વપ્નો ભીના થાય છે,

કૃષ્ણની ગઝલોમાં તરબતર છે રાધાની મખમલી મોસમ,
રાધાના માનસપટલ પર સ્મરણોના વાદળો ઘેરાયા છે...

કૃષ્ણનાં કાગળ ઉપર વિખરાયેલ છે રાધાના શબ્દોના મોતી,
રાધાના હૈયે પ્રેમની સુંવાળી વાંછટ ઝીલાય છે...

કૃષ્ણ બોલે છે રાધાને ઝરમર ઝરમર સ્વરે,
રાધા એ સ્વરને સાંભળે છે અનરાધાર રૂપે...

કૃષ્ણ કહે તું મળે જ્યારે , બેસે છે ત્યારે ચોમાસું,
રાધાના સાન, ભાન,કાળ ભૂલાય છે કૃષ્ણના ખ્યાલોમાં...

કૃષ્ણના અંતરના આંગણે બંધાઈ છે રાધાની લાગણી,
રાધાની જ્યાં નજર ઠરે ત્યાં હરિયાળી છવાય છે...

?? કલ્પના એમ. ભગરિયા - કલ્પ (રચનામૃત)

ભૂજ કચ્છ

..................................................

## પીછો કરતી નથી

હવે મારા સપનાંઓને સળ નથી પડતી,ભલે આવ્યા કરતા , હવે હું ગોઠવતી નથી.

અધૂરા સપના પૂરા કરવાની આશ આજે છોડી દીધી, હવે હું ભંગાર સાચવતી નથી.

સપના પુરા ના થયા તો અપૂર્ણતા નો હાથ થામી લીધો, કશુંક. છોડતા શીખી ગઈ, હવે હું પામવાનોઆગ્રહ રાખતી નથી.

થોડોક ઘમંડ તો મને પણ છે ,હવે હું સપનાઓનો પીછો કરતી નથી.

સારિકા સાંગાણી (હૈદરાબાદ)

## કર્યું છે

જલ્દી આવીશ કહેતા તા,
સંદેશ નથી કોઈ, મેં જતું કર્યું છે.

મિત્ર નામ આપતા તા,
પ્રેમ મૂકી ગયાં, મેં જતું કર્યું છે.

અણધાર્યા અટકેલા મળ્યાં તાં,
પકડી અજાણ્યો હાથ, મેં જતું કર્યું છે.

લાગણીઓનો ખેલ રમતા તા,
જાણી, સ્થાન છોડ્યું જે, મેં જતું કર્યું છે.

તારકોની વચ્ચે રહેતા તા,
ખરી ગયાં તે માની, મેં જતું કર્યું છે.

સુકાવ્યા (સુચિ સંકેત)

.................................

## "બ્લડ ટેસ્ટ"

કુંડળી ભલે ન મેચ કરો પણ બ્લડ ટેસ્ટ પહેલા કરાવજો.
સગપણ કરો તે પહેલા જરુરથી આટલી સાવચેતી રાખજો.

જો માઈનોર થેલેસેમિયા હોય એક પાર્ટનર ને,
તો બીજાને ન હોય તેનું ધ્યાન રાખજો.

નજીકમાં સગપણ કરવાનું તમે ટાળજો.

થેલેસેમિયા માઈનોર અને થેલેસેમિયા માઈનોર મળે તો આવનાર
બાળકને મેજર થેલેસેમિયા થાય છે જેખૂબ જોખમી બની જાય છે.

થોડી સાવચેતી બાળકની જિંદગી બચાવી શકે છે.
બેદરકારી જો રાખી તો બાળકની કબર ખોદી નાંખે છે.

લગ્ન થાય તે પહેલા બ્લડ ટેસ્ટ જરુરથી કરાવજો.

બીના નિરજ આશર (પૂણે)

.................................

## શોધ

શોધી લીધો છે મેં આજે
મારો એક નવો સાથીદાર.

ગેર સમજને નથી કોઈ સ્થાન
એતો છે મારુ પ્યારું સ્મિત.

થયા છે કરાર અમ વચ્ચે
સુખ હોય કે દુઃખ એ સદાય રહેશે સાથે.

હાસ્ય અને મુસકાન છે એના જોડીદાર
તે પણ હવે રહેશે અમ સંગે.

ચમકશે મારો ચહેરો એની સંગે
દઈશ દુઃખને મહાત મારા નવા રુપે.

વિશાખા ભટ્ટ (અમદાવાદ )

## મને થયું છે શું ?



આજે ડોક્ટર સોની પલંગમાં પડખાં ફેરવી રહ્યા હતા. આખા દિવસના થાકેલા હોવાથી ડો. સોનીને પલંગમાં લંબાવતા નિંદર રાણી રીઝતા. આજે ઘડિયાળમાં ૧૧ જોયા, ૧૨ જોયા ૧ વાગ્યો. આંખ એકદમ ખુલ્લી હતી. સવારે પાંચ વાગે ઉઠવાનું હતું. છ વાગે ઓપરેશન રુમમાં પહોંચવાનું હતું.

હરી ફરીને એક વાક્ય દિમાગમાં ઘોળાતું ," ડોકટર મને થયું છે શું"?

પંદર વર્ષના 'અક્ષર' નામના બાળકને કઈ રીતે સમજાવવો ? અક્ષર ખૂબ ચપળ અને તરવરાટ ભર્યો હતો. અચાનક બે દિવસથી તેને તાવ આવતો હતો એટલે મમ્મી તેને ડોકટર પાસે લઈ ગઈ. ડોકટરે તરત રોગના નિષ્ણાત ડોક્ટર સોનીનું નામ આપ્યું. ડોક્ટર સોનીને મળવું એટલે લોઢાના ચણા ચાવવા જેવી વાત હતી.

કિંતુ અક્ષર હતો માત્ર પંદર વર્ષનો અને તેના મગજની હાલત એવી હતી કે ડોક્ટર સોની એ તરત મળવા માટે મંજૂરી આપી. તેના એક્સ રે જોઈને ડોક્ટર સોની ખૂબ મુંઝવણમાં પડી ગયા હતા.

તેમની પાસે ઉત્તર ન હતો આટલી નાની ઉંમરના બાળકના મગજની આવી સ્થિતિ ! તેને કેમ કરી સમજાવું. અક્ષરની હાલત દિવસે દિવસે નાજુક થતી જતી હતી. જ્યારે તેના શાળાના મિત્રો મળવા આવતા ત્યારે તે એકદમ ખુશ ખુશાલ થતો હતો. જાણે તેને કશું થયું ન હોય .

મિત્રો ખૂબ સારા હતા, નક્કી કરીને દર શનિવારની સાંજ અક્ષર સાથે ગુજારતા. અક્ષરના પપા બાળકોને ભાવતું લાવી સહુને મોજ કરાવતા. તેમને પણ થતું, થોડો સમય અક્ષર પાસે રહ્યો છે. આનંદમાં રહે તેવી ઈશ્વરને મનોમન પ્રાર્થના કરતાં. અક્ષરની મમ્મી હોસ્પિટલ આવે ત્યારે, દીકારાનું મસ્તક ખોળામાં રાખી વહાલ વરસાવે.

દીકરાની હાલત તેનાથી જોઈ શકાતી ન હતી. આજે ડોક્ટર અક્ષરને તપાસવા આવ્યા, તેમને લાગ્યું સ્થિતિમાં એકાએક ફરક કેવી રીતે આવ્યો. અક્ષરના પિતાને પૂછ્યું, શનિવાર અને રવીવારે અક્ષરે શું કર્યુ ?

પિતા બોલ્યા,' શનિવારે મળવા આવતા મિત્રો રવીવારે પણ આવ્યા હતા. શાળમાં સોમવારે રજા છે,'

ડોકટર સોની ખુશ થયા. તેઓ બોલ્યા ,'અક્ષર ખુશમિજાજમાં રહે છે તે તેના મગજ પર ખૂબ સારી અસર કરે છે. બને તો અક્ષરને ખુશ રાખવાના પ્રયત્નો ચાલુ રાખો. રોજ તેને કોઈને કોઈ બહાને ખુશ મિજાજમાં રાખો. '

અક્ષરના માતા અને પિતાને આશા બંધાઈ. તેમણે અક્ષરના મિત્રોને કહ્યું ,'તમને લેવા અને મૂકવા ગાડી આવશે, બને તો શાળાએથી છૂટી સિધા અક્ષર પાસે એક કલાક ગાળો.'

શાળાએથી ગાડી લઈ આવતી અને કલાક પછી બધાને ઘરે મૂકી આવતી. અક્ષરના પિતા રોજ બાળકો માટે નાસ્તા પાણી લાવતા. તેમને ગમતી મનગમતી વસ્તુ પણ ભેટમાં આપતા. મિત્રોને તો મઝા પડી ગઈ. નસિબ સારા હતા કે મિત્રોના માતા અને પિતાએ ખુશીથી સહયોગ આપ્યો. અક્ષર ભણવામાં હોંશિયાર હતો. પહેલા ધોરણથી આજ સુધી સહુ સાથે ભણતા હતા.

અક્ષરના માતા અને પિતા દીકરામાં આવતો ફેરફાર જોઈ હરખાયા. પૈસાની કોઈ ચિંતા હતી નહી. બસ દીકરો સાજો થઈ જાય તેના ઈલાજ માટે કોઈ પણ ?પગલું ભરતા અચકાતા નહી.

ડોકટરનું નિદાન સાચું પડ્યું. નજીવી દવાઓ અને ખુશીનો માહોલ અક્ષર સાજો થવા લાગ્યો. આજે અક્ષરે પૂછ્યું ,' ડોક્ટર સાહેબ હજુ કેટલા દિવસ મને હોસ્પિટલમાં રાખશો? આજે તો તમારે મને કહેવું પડશે ,' મને થયું છે શું "?

ડોક્ટર પ્રેમથી બોલ્યા ,'અક્ષર તું સાજો નરવો છે, બસ બે દિવસમાં ઘરે જજે'.

## મતદાન અંગેની જાગૃત્તિ અર્થે ગાંધીનગર જિલ્લાની ૧ હજાર જેટલી શાળાઓના બાળકો દ્વારા જાહેર સ્થળો, ગ્રામ પંચાયત અને સરકારી કચેરી ખાતે રંગોળી દ્વારા પ્રેરક સંદેશો અપાયો

મતદાન જાગૃત્તિ અર્થે અનેક કાર્યક્રમનું આયોજન સિસ્ટેમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન પ્રોગ્રામ - સ્વીપ અંતર્ગત ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી રહ્યા છે. આ કાર્યક્રમો અંતર્ગત ગાંધીનગર શહેરના વિવિધ સ્થળો ખાતે મતદાન જાગૃત્તિ અર્થે શાળાના બાળકો દ્વારા રંગોળી પુરવામાં આવી હતી. જિલ્લાની એક હજાર જેટલી શાળાઓના બાળકો દ્વારા જાહેર સ્થળો, ગ્રામ પંચાયત અને સરકારી કચેરી ખાતે રંગોળી પુરીને મતદાન જાગૃત્તિનો સંદેશ આપવાનો ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો હતો.




આગામી લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૪ સમગ્ર દેશમાં યોજાનાર છે. વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશમાં ભારતીય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ કરવામાં આવે છે. લોકશાહીના જતન માટે મતદાનના દિવસે વધુમાં વધુ મતદાન થાય તેવા આશયથી સ્વીપ અંતર્ગત મતદાન જાગૃત્તિ અર્થે અનેક કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે. જે મતદાન બુથોમાં ૫૦ ટકાથી ઓછું થાય છે, તેવા મથકોમાં વધુ મતદાન થાય અને લોકો વધુમાં વધુ મતદાન કરે તેવા ઉમદા હેતુથી અનેક મતદાન જાગૃત્તિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લાના સ્વીપના નોડલ અધિકારીશ્રી અને જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ડૉ.બી.એન.પ્રજાપતિએ જણાવ્યું છે કે, ગાંધીનર સંસદીય મત વિસ્તારમાં લોકસભાની સામાન્ય ચૂંટણી – ૨૦૨૪ અંતર્ગત મતદાન જાગૃત્તિના અનેક કાર્યક્રમ જિલ્લા ચૂંટણી અધિકારીના માર્ગદર્શનમાં આયોજન કરવામાં આવ્યા છે. આજે ગાંધીનગર શહેર સહિત જિલ્લાની ૧ હજાર જેટલી શાળાના વિધાર્થીઓ દ્વારા રંગોળી પુરીને મતદાન જાગૃત્તિનો સંદેશ મતદારોને આપવામાં આવ્યો હતો. તેમના મતની કિંમત શું છે, તેનાથી માહિતગાર કરવાનો ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO : 228**
વિષય : પાનખર
શિર્ષક : જીંદગીને પાનખરની શિખ
પ્રકાર : પદ્ય- શબ્દો : ૧૮૦
લેખન : પરેશ મ.પાઠક..પ્રપાશિ
★★★★★★★★
કુંપળથી હું જન્મયું રે ભાઈ.,
પોપટી કોમળ નાનું પાન.....!
સમય જતાં હું મોટું થઈ ગ્યું,
લીલો મોહક થયો મુજ વાન!
કુંપળનું બચપણ મેં માણ્યું..,
ફૂલકળીઓની સંગે હું ડોલ્યું!
ઝાડ તણી ડાળીથી જકડાઈ,
સમીર સંગે હું સુંદર નાચ્યું..!
મને ક મને બનતું હું ભોજન,
ભૂખથી ત્રાસેલ પશુ પંખીનો!
કદી બની જાતો હું શણગાર,
વગડે ભટકટતાં વનવાસીનો!
લીલા રંગનો યૌવન જાદુ....,
વેગે ઉડતાં પીળો થઈ જાય!
સુકાં પાનની ઋતુ પાનખર...,
સમયે વસંત બની લહેરાય.!
પકડ ડાળી કેરી ઢીલી પડતાં,
વંટોળ તણીએ ઝપટે ચડતાં!
છૂટી વૃક્ષથી, ને તૂટી ડાળથી,
પટકાઈને અમે જમીને પડતાં
પાનખરમાં તો પવનો ફૂંકાતા,
રંગ કેસરિયો રે વગડે મોહરે!
રૂડો ગેલમાં તો કેસુડો બોલે,
ઋતુ વસંત કેરી છડી પોકારે!
કાળા વાળની ઊંમર યૌવન,
જેમ લટકે વૃક્ષે લીલાં પાન!
સફેદી ચડતાં આવતું ઘડપણ
સુક્કાંખરતાં જેમ પીળાં પાન
ગઢપણેતો પાનખર આવતાં,
જીવન ધીમું ધબકે જયારે..!
શક્તિ ઉમંગ ઓસરે સુપેરે,
પ્રભુભક્તિ પ્રબળ બને ત્યારે
જીદ,અહમ ને ક્રોધ ત્યજીને,
સરળ થઈને જીવતાં જીવન!
શાંતિ સંપને કરુણા રાખતાં,
વિશ્વ સકળ બનશે ઉપવન!
જીવનક્રમસમ ઋતુઓ ઉત્તમ
સૌ ને આપે તે સંદેશ હરદમ!
કહે ’પ્રપાશી’ સત્સંગ કરતાં,
સત્કાર્ય કરીને થજો અનુપમ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 170**
વિષય: પાનખર
શીર્ષક : અંકુરિત સ્ત્રી.
પ્રકાર : અછંદાશ ગદ્ય
લેખન : વિનયકુમાર મહેતા. બારડોલી.

કોઈ વણખેડાયેલ ભૂમિ પર -
એક ઝાકળ બુંદ પણ પડે ને....
તો - ?
એ મહેંકી ઉઠે ! પણ -
અનરાધાર વર્ષા વરસે તો ?!!
કોઈ પાનખરમાં ...
બોડિયા વૃક્ષ પર કોયલ ટહુકે
તો -
કોઈક નવોઢાની જેમ એ નીરખી ઉઠે !
પિયુજીના પ્રથમ સમાગમથી,
સ્પર્શથી, રોમેરોમ રોમાંચિત અને પુલકિત થઈ ઊઠે !
કોઈ કુંપણ બહાર આવવા થનગને
જેમ -
પરણીને આવેલી કોઈ નવોઢા
બીજી સવારે તેવી ને તેવી હોતી જ નથી !
એના ગાલે શરમના શેરડા જોઈ શકાય !
એની આંખો હવે પિયુજી સામે ઉઠે તો છે...
પણ, લજામણી શી ઢળી પણ જાય છે !
કશું બોલવા તો ઈચ્છે ...
ને, હોઠ થરથરવા લાગે છે !
જાણે -
હજી વરસ્યાની આસ અને પ્યાસ અધૂરી હોય ?!!
ગ્રીષ્મથી તપ્ત ભૂમિ
જેમ અનરાધાર વર્ષાથી તૃપ્ત તો થાય
પણ, અંદરથી ગર્મ મદહોશ સુગંધને છોડે છે
ત્યારે એ નવોઢા ક્યાં રહી હોય છે ?!!
હોય છે માત્ર એક સ્ત્રી
પ્રેમથી અંકુરિત અને સંકુરિત સ્ત્રી.
આને જ તો
પાનખરમાં વસંત આવી કહેવાય ને ?!!!

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 0101**
વિષય : પાનખર
શીર્ષક : સર્જન-વિસર્જન
પ્રકાર : પદ્ય- અછાંદસ શબ્દ: ૭૩.
લેખક : ભરત સાંગાણી

પાનખરનાં પાંદડાં ઊડે, પોતાની કથનીને કહેવા,
એક પીળું પાન આવ્યું, વાત સજનીને કહેવા.

ખર્યું પાન ફરી વસંતની કળીની જેમ ખીલ્યું,
દેહની કરચલીની વાત બાગ બનીને કહેવા.

વાદળોનાં ઉપવનમાં વરસાદ ઉગ્યો, ભૂમિ પર વહેવા,
પાનખરનાં રણમાં ધૂળની ડમરી ઊડી, આકાશને કહેવા.

વસંત પાનખરની આ સર્જન વિસર્જનની રમત,
દૂરથી નિહાળતો એક તારો, ટમટમતો મને કહેવા.

ચાલ, અસ્ત થતાં પહેલાં ખોવાઈએ એકમેકમાં,
મારે ખરી જવાનું છે, આ બધું ભગવાનને કહેવા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 0110**
વિષય : પાનખર
શીર્ષક : ’પાનખરની મહત્તા - પ્રકૃતિમાં અને જીવનમાં’
પ્રકાર : ગદ્ય-લેખ શબ્દ: ૩૩૯
લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

ઋતુમાં પાનખર અને વસંતનું અનેરૂં પુરક મહત્વ છે. પાનખરમાં વૃક્ષો પોતાની હરિયાળી ગુમાવે છે. પર્ણો સુકાવા લાગે છે અને પીળા પડી જાય છે. ધીમે ધીમે ખરી પડે છે અને વૃક્ષોની ડાળીઓ સુકીભઠ્ઠ થઈ જાય છે. એવું લાગે જાણે વૃક્ષ પોતાની જુની કાંચળી ફગાવીને તરોતાજગીભર્યું પુનર્જીવન ઝંખતુ હોય. સૂકા અને પીળા પડેલા પર્ણો વૃક્ષની ડાળીથી છૂટા પડી ઉડતા અને જમીન પર વિખરાયેલા જોવા મળે છે. વસંત ઋતુનું આગમન થતાં જ વૃક્ષની આ સુકી ડાળીઓમાં જાણે પ્રાણ ફૂંકાવા લાગે છે. વૃક્ષોની ડાળીઓમાં નવા પર્ણોની કૂંપળો ફૂટે છે અને જાણે પાનખરનો વિષાદ ફગાવી વૃક્ષો ફરીથી હરિયાળી સાથે લહેરાવા લાગે છે.

ઋતુઓ એ કુદરતનો ક્રમ છે પરંતુ તેને મનુષ્યના જીવન સાથે પણ સરખાવી શકાય. ઘણી વખત આપણે અમુક વ્યક્તિઓના જીવનની કપરી પરિસ્થિતિઓ જોતાં કહેતાં હોઈએ છીએ કે તેના જીવનમાં પાનખર બેઠી છે. આ કપરી પરિસ્થિતીઓ આર્થિક હોઈ શકે, સામાજિક હોઈ શકે અથવા સ્વાસ્થ્ય સંબંધી હોઈ શકે છે. વ્યક્તિનો સમય ખરાબ હોય, દરેક પાસા અવળા પડતાં હોય, ભાગ્ય સાથ ન આપતું હોય અને ડગલે ને પગલે નિરાશા સાંપડતી હોય ત્યારે તેના જીવનમાં પાનખર આવી કહેવાય. જીવનમાં પાનખર હંમેશા રહેતી નથી. સમયનું ચક્ર ફરે છે ત્યારે જીવનમાં પાનખર પછી વસંત પણ આવે છે. એવું કહી શકાય કે પાનખર આવે છે પરંતુ તે તેની પાછળ આવતા વસંતની છડી પોકારતી આવે છે. વસંત આવતાં જ પરિસ્થિતિઓ બદલાય છે અને વ્યક્તિ ફરીથી સુખીસંપન્ન, સન્માનપૂર્ણ અને સ્વાસ્થ્યમય થાય છે. સમૃદ્ધિ તરફ જીવન અગ્રેસર થાય છે.

પાનખર અને વસંત બંનેનું પોત પોતાનું આગવું મહત્વ છે. પાનખર ન હોય તો વૃક્ષની હરિયાળીની કિંમત ન સમજાય, પ્રકૃતિની સુંદરતા અને આહલાદકતા માણી ન શકાય. આ ઋતુઓ દ્વારા પ્રકૃતિ પોતાની મહત્તા સ્થાપિત કરે છે અને સૃષ્ટિમાં નવજીવન ફૂંકે છે. ઘણી વખત તો પાનખરમાં પીળા અથવા સોનેરી રંગના પર્ણોથી આચ્છાદિત વૃક્ષ અપ્રતિમ સુંદરતા પણ ધારણ કરે છે. જે નજારો અદભુત હોય છે. પ્રકૃતિ હોય કે જીવન બંનેમાં પાનખરને સન્માન સાથે સ્વીકારવી જોઈએ અને તેની ક્રિયાશીલતાને શાંતિપૂર્વક અનુભવવી જોઈએ. પાનખરની અવસ્થાને આદરપૂર્વક વિતાવવી જ રહી. પાનખરને ભવિષ્યમાં આવનાર વસંતના વધામણાની દ્રષ્ટિએ જોતાં શીખવું જોઈએ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.**
વિષય : પાનખર
પ્રકાર : ગદ્ય, પ્રસંગકથા
શીર્ષક : એનું દુઃખ શું?
શબ્દ સંખ્યા : ૩૫૦
નામ : મનીષા મહેતા(ધરા), સુરત
★★★★★★★★
★એનું દુઃખ શું?★
"સામેની ડાળ પર જો બેટા, કેવી સુંદર કુંપળ ફૂટી.."
"ક્યાં પપ્પા, મને તો સુકાઈ ગયેલા અને ખરું ખરું થતાં પીળાં પાંદડા જ દેખાઈ રહ્યા છે આખા પીપળામાં.." પપ્પાને બે હાથે ટેકો આપી બારી સામેની ખુરશીમાં બેસાડતાં હું બોલી. એક તરફ બારી બહારના પીપળા ઉપર પાનખરનાં સૂકાં પર્ણો જાણે સંસારની વાસ્તવિકતા ઉપર અટ્ટહાસ્ય કરતાં હોય તેમ ખડખડ ખખડી રહ્યાં હતા તો બીજી તરફ..
"બેટા, આ તારી સામે તો દેખાય છે નવી કુંપળ, જો કેવાં ગુલાબી, સોનેરી અને કેસરી રંગોની ભાત લઈને સૂરજના કોમળ કિરણોથી ચમકી રહી છે!"
હા, હવે મારી નજર પડી એ નવજાત, સુંદર, કોમળ કુંપળ ઉપર પણ આ બે ડગલાં ચાલવામાં જ હાંફી ગયેલા પપ્પાની છાતી ઉપર હળવો હાથ ફેરવતી હું મનોમન બોલી ઊઠી કે,
’પપ્પા, બસ એક પવનની લહેરખી આવશે અને આ આજ સુધી વૃક્ષને શોભા આપનાર, એને ઘટાદાર બનાવનાર, જગતને ઠંડી છાંયડી આપનાર, અનેક પંખીઓના માળાને રક્ષનાર આ પર્ણો ખરી પડશે એ વિચાર, એ ડર મને કંપાવી દે છે.. તમને કેમ સમજાવું.. ’
નીચે પપ્પાના પગ પાસે બેસી જઈ, એમના ઘૂંટણ પર હળવું માથું ટેકવીને હું બેસી રહી. મને ખબર પણ ન રહી કે મારાં આંસુથી પપ્પાનો ઘૂંટણ ભીંજાઈ રહ્યો છે. પપ્પા એમનો હાથ મારા માથા પર ફેરવવા લાગ્યા. હળવેથી કહે, "બેટા, તને માંડ માંડ અસ્તિત્વ ટકાવી રાખતા આ જર્જરિત પર્ણોની દયા નથી આવતી? આ સુક્કાં, પરાણે ટકી રહેલા, અને હવે કોઈ પણ કાળે નવપલ્લવિત
આભાર - નિહારીકા રવિયા થવાની ઉંમર વટાવી ચૂકેલ પર્ણો પોતે જ પોતાની ખખડેલ કાયામાંથી મુક્ત થવા ઈચ્છતા હોય. ખરી જવું તો સુંદર પ્રક્રિયા છે બેટા, એ એમ જ થવું જોઈએ, એનું દુઃખ શું? ને જો.. પેલું પંખી કોઈ ખરી ગયેલું સુકકું પર્ણ પોતાનાં માળામાં ગોઠવી રહ્યું છે, જગતમાંથી કશું ક્યાંય જતું નથી ફક્ત સ્વરૂપ અને સ્થાન બદલે છે...બાકી આસપાસ જ રહે છે."

થોડાં દિવસોમાં પીપળો લાલગુલાબી નવાં પર્ણોથી ભરચક બની ગયો હતો. લીસાં નવાં પર્ણો સતત ધીમો મીઠો ગુંજાવર કરી રહ્યાં હતાં. પપ્પાનાં ફોટા ઉપર તાજો ગુલાબનો હાર ચડાવી, હું પેલી ખુરશી ઉપર એમના જ સ્થાને બેસી ગઈ હતી. હવેથી ત્યાં જ બેસવું મને ગમે છે.

હા, મને આજે જ મારી દીકરીએ કહ્યું હતું,
"મમ્મી તારાં માથામાં સફેદ વાળ વધી રહ્યાં છે...".

એ એમ જ થવું જોઈએ,
એનું દુઃખ શું?

૨ મનીષા મહેતા(ધરા)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS 150**
પ્રકાર : પદ્ય. વિષય.: પાનખર
શીર્ષક. : વસંતી વાયરા
શબ્દો. : ૮૮. નામ. : દેવેન્દ્ર જોશી

★વસંતી વાયરા★

પાનખર જાશે પછી વાશે વસંતી વાયરા;
આ ધરા પણ એ પછી પામે વસંતી વાયરા.

વૃક્ષ પણ વિહવળ થયું છે પાનના વિયોગથી;
એ પૂછે છે કઈ ઘડી આવે વસંતી વાયરા.

ખરવું ઊગવું ક્રમ સતત ચાલ્યા કરે અટક્યા વગર;
જે ખરીને ઉગશે માંણે વસંતી વાયરા.

બાગબાની પણ ખુશીનો ઘટ હવે છલકાય છે;
છોડ પર પણ ફૂલ લહેરાવે વસંતી વાયરા.

મોર નાચે, ઢેલ નાચે, કોયલો કલરવ કરે;
ને મધુરું ગાન પણ ગાયે વસંતી વાયરા.
કેસુડાના ઢગ થશે, ચોમેર પણ લીલોતરી;
એ પછી ચોમેર ફેલાશે વસંતી વાયરા.

દેવેન્દ્ર જોશી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog ss:-0038**
વિષય:-પાનખર. વિભાગ:-પદ્ય..
શીર્ષક :- વૃક્ષ
------------------------------------------ ---- ----- -------------

આવ્યું પાનખર હરિ ગયું હરિયાળી એ વૃક્ષની,
છીનવી સુંદરતા ને જાણે એકલું કરી ગયું એને.

ખરી પડ્યા પાનડા ધરતી ઉપર એના અંગથી,
આવ્યો પવન ઉડાવી ગયો ખુશી એના આંગણની.

છીનવાયું બધું છતાં જાણે હિંમત થી એ ઉભું છે,
કહી રહ્યું પાનખરને જાણે અસ્તિવ મારુ જીવીત છે.

નહીં હારુ હિંમત હું આવશે સુંદરતા પાછી મારી,
પાછા આવશે એ દિવસો જેમાં હતી હરીયાળી મારી.

પાનખર તો આવે ભલે, પાછો આવે વસંત રંગીલો,
ઉતાર ચડાવ આવે જીવનમાં કુદરતનો નિયમ જાણીલો.

??શીલાપટેલ "આકાંક્ષા"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 136**
વિષય : પાનખર. વિભાગ : પદ્ય
શીર્ષક વૃક્ષ બોલે છે

એક વૃક્ષ બોલે છે રે બોલે છે.
અમને વેદના થતી હોય રે થતી હોય.

પાન જ્યારે ખરતાં હોય રે ખરતાં હોય,
દુઃખ થડને થતું હોય રે થતું હોય.

પાન વૃક્ષની શભા હોય રે શોભા હોય,
પાનખરમાં ખરતાં હોય રે ખરતાં હોય.

અમારું દુઃખ કોણ સમજે રે કોણ સમજે,
માનવ આવીને કાપી જાય રે કાપી જાય.

વૃક્ષ બોલે અમને તમે વાવો રે વાવો,
અમે દઈશું ઠંડક રે તમને ઠંડક.

હિમાંશી પંડિત નિર્મોહી
વીરપુર મહીસાગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No. : 0141***
★વિષય : "પાનખર"★
★શીર્ષક : "ખરતું પાન"★
★શબ્દ સંખ્યા : ૭૦★
★લેખકનું નામ : રસિકભાઈ વ પરમાર "રવ"★

જોડાય ફરી?
ડાળીથી પર્ણ છૂટ્યું;
પાનખરમાં!

મૂળથી છૂટયા;
ફરી સંધાય? કદી?
આશ રહે ના!

ખળભળાવે!
ખરતું પાન, જીર્ણ;
કામનું નથી!

છેવટ દશા;
જોઈ લેવાની! બોધ;
પીળા પાનનો!

હંસ જવાનો!
અગોચર સ્થળમાં;
કોઈ ના જાણે!

હલબલાવે,
ક્રૂર, આભાસ આપી,
અંતિમ ક્ષણો!

કહેતી ઋતુ,
પાનખર! સાનમાં;
સમજી જાવ!

# ‘ભારત જોડો ન્યાય યાત્રા’ દરમ્યાન ૬ પબ્લીક મીટીંગ, ૨૭ કોર્નર મીટીંગ, ૭૦ થી વધુ સ્થળોએ સ્વાગત સાથે ટાઉન પદયાત્રાઓનું આયોજન




‘ભારત જોડો ન્યાય યાત્રા’ અંગેની વિશેષ પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે ‘ભારત જોડો યાત્રા’ એ વિશ્વ વિક્રમ સર્જ્યો છે. ઘુંટણમાં ઈજાઓ હોવા છતાં આદરણીયશ્રી રાહુલ ગાંધીએ ‘ભારત જોડો યાત્રા’ પૂર્ણ કરી. ભારતભરમાંથી દેશવાસીઓનું શ્રી રાહુલ ગાંધીની ‘ભારત જોડો ન્યાય યાત્રા’ને પ્રેમ અને સમર્થન મળી રહ્યું છે. કોંગ્રેસના કાર્યકર્તાઓ-આગેવાનો અને ખાસ કરીને ગુજરાતના કાર્યકર્તાઓમાં થનગનાટ-ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ‘ભારત જોડો ન્યાય યાત્રા’ સામાજિક, આર્થિક, રાજકીય એમ ત્રણ મહત્વના ન્યાયની વાત કરવામાં આવી છે. ‘ભારત જોડો ન્યાય યાત્રા’ ૭મી માર્ચે ગુજરાતના દાહોદ જીલ્લાના ઝાલોદ ખાતે બપોરે ૩-૦૦ કલાકે પ્રવેશ કરશે. ‘ભારત જોડો ન્યાય યાત્રા’ ગુજરાત રાજયમાં ૪ દિવસમાં ૭ જીલ્લાઓમાં ૪૦૦ થી વધુ કિ.મીનો પ્રવાસ કરી મહારાષ્ટ્ર રાજ્યમાં પ્રવેશ કરશે. ‘ભારત જોડો ન્યાય યાત્રા’માં આદરણીયશ્રી રાહુલ ગાંધી કંબોઈધામ (ગુરુ ગોવિંદ), પાવાગઢ તળેટી મંદિર, હરસિધ્ધી માતાજી મંદિર, રાજપીપળા, સ્વરાજ આશ્રમ બારડોલી સહિતનાં ઐતિહાસીક અને વંદનીય સ્થળોની મુલાકાત લેશે. ‘ભારત જોડો ન્યાય યાત્રા’ દરમ્યાન ૬ પબ્લીક મીટીંગ, ૨૭ કોર્નર મીટીંગ, ૭૦ થી વધુ સ્વાગત સ્થળો તથા ટાઉન પદયાત્રાઓનું આયોજન રાખેલ છે. દેશના લાખો બેરોજગારીના સંકટથી ઘેરાયેલો છે. દેશમાં પી.એચડી અને માસ્ટર ડીગ્રી ધરાવાતા યુવાનો પણ પટાવાળાની ભરતીમાં આવેદન કરી રહ્યા છે. બેરોજગાર યુવાન, દેવામાં તળે દબાતા ખેડૂતો, સતત વધી રહેલી મોંઘવારીમાં શિક્ષણ, આરોગ્ય માટે સંઘર્ષ કરતા ગરીબોને મળે આર્થિક ન્યાય, ગરીબ વધુ ગરીબ અને મધ્યમ વર્ગની પોતાની બચત પૂરી થઇ રહી છે. પ્રધાનમંત્રીશ્રી પોતાના મળતિયા મિત્રોને કરોડોની સંપતિ આપી રહ્યા છે. કોગ્રેસ પક્ષ દરેક નાગરીકોને શિક્ષણ, આજીવિકા અને સ્વાસ્થ્ય માટે આર્થિક ન્યાય સુનિશ્ચિત કરશે. તેવી જ રીતે એસ.સી., એસ.ટી. અને ઓબીસી વર્ગને સતત અન્યાય થઇ રહ્યો છે. દેશનાં સંસ્થાનોમાં તેમનું પ્રતિનિધિત્વ ઘણું ઓછું છે. ત્યારે સામાજિક ન્યાયનો મતલબ તેમની ગણતરી કરી તેમની વસ્તી આધારિત નિષ્પક્ષતાથી ભાગીદારી સુનિશ્ચિત કરવાનું કામ કોંગ્રેસ પક્ષ કરશે.

ગુજરાત વિધાનસભા કોગ્રેસ પક્ષના નેતાશ્રી અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે ‘ભારત જોડો ન્યાય યાત્રા’ ગુજરાતમાં આવશે ત્યારે ગુજરાતની જનતાને અવાજ ઉઠાવવામાં આવશે. મોઘાં શિક્ષણ લીધા પછી લાખો યુવાનો ગુજરાતમાં બેરોજગાર છે. અનેક યુવાનોએ શ્રી રાહુલ ગાંધીને મળવાની ઈચ્છા વ્યક્ત કરી છે. ગુજરાતમાં આદિવાસી સમાજ સાથે અન્યાય થઇ રહ્યો હોવાને લઈને વિવિધ આદિવાસી સંગઠનો શ્રી રાહુલ ગાંધીને મળશે. સિવિલ સોસાયટીના પ્રતિનિધિઓ અને પ્રબુધ્ધ નાગરિકો ‘ભારત જોડો ન્યાય યાત્રા’માં જોડાશે. ‘બેટી બચાવો’ના માત્ર નારા આપનાર ભાજપ સરકારના રાજમાં બહેન-દીકરીઓ પર સતત અત્યાચાર વધી રહ્યા છે. ગુન્હેગારોને ભાજપ સંરક્ષણ આપી રહી છે. ત્યારે કોંગ્રેસ પક્ષ દેશની બહેન-દીકરીઓને દરેક શ્રેત્રમાં સુરક્ષા સાથે સમાન ભાગીદારી સુનિશ્ચિત કરશે.ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે ‘ભારત જોડો ન્યાય યાત્રા’ની ૧૪ જાન્યુઆરી ૨૦૨૪ થી મણીપુર શરૂ થઈ હતી. આ યાત્રા ૬૦ થી વધુ દિવસોમાં ૬૭૦૦ કિ.મી. નો પ્રવાસ કરશે. આ યાત્રા સમગ્ર દેશના ૧૧૦ જીલ્લાઓ, ૧૫ રાજ્યોને આવરી લેશે. બેરોજગાર યુવાન, દેવા તળે દબાતા ખેડૂતો, સતત વધી રહેલી મોંઘવારીમાં શિક્ષણ, આરોગ્ય માટે સંઘર્ષ કરતા ગરીબોને મળે આર્થિક ન્યાય, ગરીબ વધુ ગરીબ અને મધ્યમ વર્ગની પોતાની બચત પૂરી થઇ રહી છે.

### જિલ્લા કો-ઓર્ડિનેટરે જનજાગૃતિ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી

# ડાંગ જિલ્લામાં રોપા વિતરણની કામગીરીમાં જનજાગૃતિ એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ૨૨ લાખ ની ગોબચારી વિરુદ્ધ ફરિયાદ




## આંબાનાં રોપા વિતરણમાં ઘાલમેલ કરી ૧૩ હજારથી વધુ આંબાનાં વિતરણમાં ખાયકી કરવામાં આવી છે

આહવા, તા. ૨ જિલ્લામાં પ્રાયોજના વહીવટદારની કચેરી હસ્તકની સંકલીત આદિજાતિ વિકાસ યોજના હેઠળ કરારથી ફળાઉ ઝાડાના રોપા વિતરણની કામગીરી બનાસકાંઠાની એક એજન્સીને સોંપવામાં આવી હતી. પરંતુ એજન્સી દ્વારા મોટા પાયે ગેરરીતિ આચરવામાં આવેલ હોવાનું સામે આવ્યુ છે અને એ સાચું જ હોવું જોઈએ એવું લોક ચર્ચા નો વિષય થઈ રહ્યો છે બનાસકાંઠાની એજન્સી દ્વારા અંદાજીત ૨૨ લાખ રૂપિયાથી વધુ ઉચાપત કરવામાં આવી હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે. જેને લઈને ડાંગ જિલ્લા પ્રાયોજના વહીવટદાર કચેરીનાં જિલ્લા કો ઓર્ડીનેટર દ્વારા જવાબદાર એજન્સી વિરુદ્ધ આધાર પુરાવા સાથે પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવી છે.

ડાંગ જિલ્લા પ્રાયોજના વહીવટદારની કચેરી હસ્તકની સંકલિત આદિજાતિ વિકાસ યોજના હેઠળ આદિજાતિ ખેડૂત લાભાર્થીઓને સારી આવક મળી રહે અને તેઓનું જીવન ધોરણ ઉંચુ આવે તે હેતુથી ફળાઉ ઝાડ આંબાનાં રોપા વિતરણ યોજનાથી અમલમાં મુકવામાં આવેલ હતી. જે અંગેની યોજના માટેની કામગીરી કરવા માટે વર્ષ ૨૦૨૦ - ૨૧ તથા ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માટે જન જાગૃતિ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટનાં પ્રમુખ નરસિંહ ગણેશ પટેલ (રહે. ચોટાપા, થરાદ જી.બનાસકાંઠા)ને વહીવટી મંજૂરી આપી કામગીરી સોંપવામાં આવી હતી. જો કે, એજન્સી દ્વારા ફળાવ આંબાનાં વિતરણમાં મોટાપાયે ગેરીરીતી આચરવામાં આવેલ હોવાની અનેક વખત ફરિયાદ ઉઠી ખેડૂતો દ્વારા ઘણી વખત અવાજ ઉઠાવવામાં આવ્યો હતો અને તેની જાણ આ એજન્સી ના કર્તા હર્તા એવા નરસિંહ ગણેશ પટેલ ને હતી ખેડૂતો નું કેહવું છે કે અમો દ્વારા જાણ કરવામાં આવી હતી કે અમારી સાથે અન્યાય થયો છે પરંતુ ડાંગ ની ભોળી પ્રજા કાંઈ કરશે નહી એવું નરસિંહ પટેલ મનમાં માનતા હતાં. તેમજ આ બાબતે સામાજીક આગેવાનો દ્વારા પણ આર.ટી.આઈ.ની સાથે લેખિતમાં પણ અનેક વખત રજૂઆત કરવામાં આવી હતી. જેને પગલે સમગ્ર પ્રકરણમાં તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો. વહીવટી તંત્રની તપાસમાં સામે આવ્યુ હતું કે ૯૬૨ લાભાર્થીઓને ૨૫,૭૮૦ નંગ ફળાઉ ઝાડનરોપાઓ (કલમો) પૈકી ૫,૪૧૮ ફળાઉ ઝાડના રોપાઓનું જ વિતરણ કરાયું હતું અને બાકી ફળાઉ ઝાડના ૧૩ હજારથી વધુ રોપા વિતરણ પંચ કરવામાં જ નથી આવ્યા. આ ફળાઉ ઝાડના કે ૧૩,૩૨૨ રોપાની કિંમત ૨૨,૫૭,૨૧૦ અ હોવાનું જાણવા મળ્યું છે.આદિજાતિ ખેડૂતોનાં નામે એજન્સી દ્વારા મોટા પાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવેલ છે એવો હોવાનો ઘટસ્ફોટ થતાં સમગ્ર મામલ ડાંગ સા જિલ્લા પ્રાયોજના વહીવટદારની કચેરી દ્વારા પત્ર ફરિયાદી તરીકે વિશાલ ડી.ચૌહાણ જિલ્લા ઉઠ કો ઓર્ડીનેટર ડી-સેગને અધિકૃત કરતાં આ અધિકારીએ આદિજાતિ ખેડૂતોનાં નામે લાખો રૂપિયાની ઉચાપત કરનાર જન જાગૃતિ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટનાં પ્રમુખ નરસિંહ ગણેશ પટેલ વિરૂદ્ધ આહવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા ખળભળાટ મચી જવા પામી છે. હાલમાં ડાંગ જિલ્લા પ્રાયોજના વહીવટદાર કચેરીનાં જિલ્લા કો ઓર્ડીનેટરની ફરીયાદનાં આધારે આહવા પોલીસે આ અંગે જે ગુનો નોંધ્યો છે અને ભ્રષ્ટાચારનાં આક્ષેપોની વધુ તપાસ પી.એસ.આઈ. એ.એચ પટેલે હાથ છે ધરી છે. હવે જોવાનું રહ્યું નરસિંહ પટેલ ડાંગ ના ખેડૂતો ને ન્યાય આપશે કે પછી સરકાર ને ચૂનો ચોપડવાનું કામ કરશે

### માસુમ બાળકોનો શું વાંક

# આહવાનાં કરંજડી ગામની આંગણવાડીનું મકાન જર્જરિત બનતાં બન્યું

### ગામલોકની માંગણી છે કે તાત્કાલિક નવું મકાન બનાવવામાં આવે તે જરૂરી છે



આહવા.

આહવા તાલુકાનાં ટાંકલીપાડા ગ્રામ પચાયતનાં કરંજડી ગામની આંગણવાડીનું મકાન જર્જરિત બની ગયું છે અહિં ૫૦ થી ૬૦ થી વધું નાના ભુલકાઓ આંગણવાડી માં અભ્યાસ સાથે મનોરંજન લેવા માટે આવે છે વીસ વર્ષ કરતાં વધુ સમયથી આંગણવાડીનું મકાન બન્યું નથી જેથી વારંવાર છતનાં પોપડા ખરી પડે છે દિવાલ તુટી ગયું છે છતનાં પોપડા ખરી પડતાં ચોમાસામાં આખી આંગણવાડીનાં વર્ગખંડમાં પાણી ગળે છે જેથી વિધાર્થીઓ ચોમાસા દરમ્યાન અહિં બેસી શકતાં નથી આંગણવાડીનું આખું મકાન ની છત અને દિવાલ ખંડેર અને જર્જરિત બનતાં વિધાર્થીઓનાં જીવ સામે પણ જોખમકારક ઊભું થયું હતું જેથી આંગણવાડી હાલમાં ભાડાનાં મકાન માં ચલાવવામાં આવે છે પરંતુ ચોમાસા પહેલાં ગામલોકો તાત્કાલિક કરંજડી ગામની આંગણવાડીનું નવું મકાન બનાવવામાં આવે તેવી માંગણી કરી રહયાં છે જિલ્લા વહીવટીતંત્ર ગામલોકોની માંગ સામે શું કાર્યવાહી કરેતેઅગામી દિવસોમાંજાણવાંમળશે

# શિવમ પેથોલોજી લેબોરેટરી આને કે.આર. ફાઉનડેશનની સરાહનીય કામગીરી



શ્રીમતી એચ.ટી. તન્ના સરસ્વતી વિદ્યાલય તેમજ સરકારી પ્રાથમિક શાળા ભૂતિયા ગામમાં ધોરણ ૧ થી ૧૦ માં ૨૫૦ કરતાં પણ વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. શાળાના શિક્ષકો દ્વારા બાળકો માટે નિત નવા કાર્યક્રમ તેમજ આયોજન કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાંજ શિવમ પેથોલોજી લેબોટરીના ડોક્ટર એમ. આર. ચૌધરી અને કે.આર ફાઉન્ડેશન વડાલી વતી વર્ષાબેન પટેલના સંયુક્ત સહયોગથી શાળાના બાળકોના બ્લડ ગ્રુપ તપાસ અંગેના એક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં શિવમ પેથોલોજી દ્વારા બાળકોને વિનામૂલ્ય બ્લડ ગ્રુપ તપાસી આપવામાં આવ્યું હતું. આવુ સુંદર સેવાકીય કાર્ય કરવા બદલ શાળાના આચાર્ય જીતુભાઈ નાયક તેમજ ભીખાભાઈ સાહેબે શિવમ પેથોલોજી તેમજ કે. આર. ફાઉન્ડેશનનો આભાર વ્યક્ત કર્યો છે.

# વ્યારા ખાતે યોજાયેલા દક્ષિણ ઝોન કક્ષાના ખેલ મહાકુંભ ૨.૦ ની ખો–ખો સ્પર્ધા ડાંગ જિલ્લાના વિદ્યાર્થીઓનુ ઉત્કૃષ્ટ પ્રદર્શન




: આહવા:

તાજેતરમા ચાલી રહેલા દક્ષિણ ઝોન કક્ષાના ખેલ મહાકુંભ ૨.૦ ની ખો-ખો સ્પર્ધામાં અંડર-૧૪ અને અંડર-૧૭ ખો-ખો રમતમા ભાઇઓએ ગોલ્ડ અને બહેનોએ સિલ્વર મેડલ મેળવી ડાંગ જિલ્લાનુ ગૌરવ વધાર્યુ છે. દક્ષિણ ગુજરાતના સાત જિલ્લા અને એક મહાનગર પાલિકા સાથે ૮ ટીમોની સ્પર્ધા તાપી જિલ્લાના વ્યારા ખાતે યોજાઇ હતી. જેમાં અંડર-૧૪ ખો-ખોમાં ડાંગ જિલ્લાના ભાઇઓએ ગોલ્ડ મેડલ અને બહેનોએ સિલ્વર મેડલ, જ્યારે અંડર-૧૭ ખો-ખોમાં ડાંગ જિલ્લાના ભાઇઓએ ગોલ્ડ અને બહેનોએ સિલ્વર મેડલ મેળવી જિલ્લાનુ નામ રોશન કર્યું છે. આ ચારેય ટીમો આગામી મે માસમાં યોજાનારી રાજયકક્ષાની સ્પર્ધામાં દક્ષિણ ગુજરાત ઝોનનું પ્રતિનિધિત્વ કરશે.

ડાંગ જિલ્લાની અંડર-૧૪ ભાઇઓની પસંદગીની ટીમમાં પ્રાથમિક શાળા-બીલીઆંબાના ૮ ખેલાડી, સરકારી માધ્યમિક શાળા/બીલીઆંબાના ૩ ખેલાડી અને ગોંડલવિહિર પ્રાથમિક શાળાનો ૧ ખેલાડી પસંદ થયા હતા. જ્યારે ડાંગ જિલ્લાની બહેનોની પસંદગીની ટીમમાં પ્રાથમિક શાળા-બીલીઆંબાના ૭ ખેલાડી, જામનવિહિર પ્રાથમિક શાળાના ૩ તથા સરકારી માધ્યમિક શાળા-બીલીઆંબાના ૧ ખેલાડી અને ગોંડલવિહિર પ્રાથમિક શાળાનો ૧ ખેલાડી પસંદ થયા હતા.

ડાંગ જિલ્લાની અંડર ૧૭ ભાઇઓની પસંદગીની ટીમમાં સરકારી માધ્યમિક શાળા બીલીઆંબાના ૯ ખેલાડી, સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા-સુબીરના ૩ ખેલાડી પસંદ થયા હતા. જયારે ડાંગ જિલ્લાની બહેનોની પસંદગીની ટીમમાં સરકારી માધ્યમિક શાળા-બીલીઆંબાના ૯ ખેલાડી, એકલવ્ય મોડલ રેસિડન્ટસ્કુલ-ચિંચલીના ૩ ખેલાડી પસંદ થયા હતા.બાળકોની આ સિદ્ધી બદલ શાળા પરીવાર તરફથી બાળકોને ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સાથે જિલ્લા રમતગમત વિકાસ ધિકારીશ્રી અંકુર જોશી, જિલ્લા શિક્ષણાધિકારી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી જિગ્નેશભાઇ ત્રિવેદીએ પણ આનંદની લાગણી સાથે બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

# કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની પ્રેરણા હેઠળ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે કાર્યરત નિશુલ્ક આહાર કેન્દ્રની મુલાકાત કરતા કેન્દ્રીય મંત્રીશ્રી અજય મિશ્રાજી







કેન્દ્રીય મંત્રીશ્રીએ સિવિલ હોસ્પિટલમાં દાખલ દર્દીઓના સ્વજનોને ભોજન પીરસ્યું, સંવાદ કર્યો તેમજ સાથે બેસી ભોજન પણ લીધું.

ગાંધીનગર લોકસભા વિસ્તારના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે કાર્યરત નિશુલ્ક આહાર કેન્દ્રની ભારત સરકારના કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી શ્રી અજય મિશ્રાજીએ મુલાકાત કરી હતી. કેન્દ્રીય મંત્રીશ્રીએ સિવિલ હોસ્પિટલમાં દાખલ દર્દીઓના સ્વજનોને ભોજન પીરસ્યું હતું તેમજ સંવાદ કર્યો હતો. ઉપરાંત તેઓએ દર્દીઓના સગા સાથે બેસીને ભોજન ગ્રહણ કર્યું હતું. શ્રી અમિતભાઈ શાહના મતવિસ્તાર ગાંધીનગર લોકસભામાં સમાવિષ્ટ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ દર્દીઓના સ્વજનો માટે કરાયેલી ભોજનની સુંદર વ્યવસ્થા જોઈ શ્રી અજય મિશ્રાજીએ ખુશીની લાગણી વ્યક્ત કરી હતી. આ તકે ગાંધીનગર લોકસભા બેઠકના પ્રભારી મયંકભાઈ નાયક, ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર હિતેશ મકવાણા, શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, અમદાવાદના પૂર્વ મેયર ગૌતમ શાહ, મહામંત્રીઓ, સહિત સંગઠનના હોદેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.